| | |
|---|---|
| દાખલ તારીખ. | ૧૨–૦૭–૨૦૨૪ |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૧૨–૦૭–૨૦૨૪ |
| ફેંસલ તારીખ. | ૦૧–૦૭–૨૦૨૬ |
| સમય ગાળો. | વર્ષ : માસ : દિવસ.<br>૦૧ – ૧૧ – ૨૦ |

## મહેરબાન ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં, મુ.વલસાડ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રીમીનલ કેસ નંબર. | ► | ૬૨૨૪–૨૪ | આંક. | ► | ૦૮ |

| ફરીયાદી. | | આરોપી. |
|---|---|---|
| શ્રી. સરકાર. | વિરૂધ્ધ | **રાહુલ રામક્રિપાલ પાંડે, ઉ.વ.આ.–૩૨**<br>રહે. ધોડાદરા આસપાસ આદર્શ સોસા., રૂમ નં.૭૪, સુરત. |

| | | |
|---|---|---|
| ગુન્હો. | ⇨ | પ્રોહીબીશન એકટની કલમ–૬૫–(એ)(એ) મુજબ |

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ... તરફે. | વિ.એ.પી.પી.શ્રી | આઇ.કે.વ્હોરા |
| આરોપીપક્ષ... તરફે. | કોઈ નથી | |

◀◀ ઠ રા વ ▶▶

**૧.** ફરિયાદપક્ષ ના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપી પોતાના કબજામાં વગર પાસ પરમીટે વિદેશી દારૂ રાખી પકડાઇ જઇ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે જેથી તપાસ કરનાર અમલદાર દ્વારા હાલના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**૨.** સદરહું કેસમાં આરોપીને કોર્ટ દ્વારા સમન્સની બજવણી સારૂ મોકલતા આ કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી. આરોપી ચાર્જશીટ થયા પછી આજદિન સુધી હાજર રહેલ નથી. જેથી સદર કામ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ મુજબ આરોપી હાજર રહેતા ન હોય તેમજ તેઓ મળી આવે તેવી શકયતા ન હોય આંક–૦૧ લગત આરોપીની ગેરહાજરીમાં કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૩.** ફરિયાદપક્ષે આંક : ૦૫ થી પંચ સાહેદની જુબાની લેવામાં આવેલ છે. આંક–૦૬ થી પંચ સાહેદ કિશોરભાઈ ચૌહાણનો મરણનો દાખલો રજુ કરેલ છે. તેમજ ફરીયાદપક્ષે આંક–૦૭ થી પંચનામું રજુ રાખવામાં આવેલ છે. હાલના ગુન્હાના કામે પંચો હોસ્ટાઇલ થતાં રીકવરી શંકાસ્પદ બનતાં ફરિયાદપક્ષે અન્ય કોઈ સાહેદ તપાસવામાં આવેલ નથી. વધુમાં આરોપી વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૯૯ હુકમ થયેલ હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ વિ. એ. પી. પી. શ્રીની દલીલો સાંભળી.

**૪.** ૦૧. શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રહીને એ હકીકત પુરવાર કરે છે કે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઇ પ્રતિબંધિત પદાર્થ મળી આવેલ હોય અને તેની સેમ્પલની કાર્યવાહી કરવામાં આવેલ હોય તેમજ આરોપી પાસે સદર પ્રતિબંધિત પદાર્થ રાખવા માટે પાસ પરમીટની માંગણી કરતાં તે નહિ હોવાનું જણાવવામાં આવેલ હોય, જેથી તેમ કરી આરોપીએ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૦૨. શું હુકમ ?

**૫.** ઉપરોકત જણાવેલા મુદ્દાઓના નિર્ણયો હવે પછી જણાવેલા કારણોને આધારે નીચે મુજબ છે ?

૦૧. નકારમાં,

૦૨. આખરી હુકમ મુજબ.

**<u>(કારણો)</u>**

**૬. <u>મુદ્દા નંબર : ૦૧</u>**

હાલના ગુન્હાના કામે પંચ સાહેદને તપાસવામાં આવેલ છે. સદર પંચની જુબાની જો વંચાણે લેવામાં આવે તો તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલા પંચ સાહેદ છે. જેથી વિ. એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા માટેની પરવાનગી આપેલ હોવા છતાં પણ સદર પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર પણ સમર્થનકારી પુરાવો આપેલ નથી સદર કામે સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબનો હુકમ

થયેલ હોઈ ઉલટ તપાસ નથી. આમ, હાલના ગુન્હાના કામે મુદ્દામાલ રીકવરી પંચનામું પુરવાર નથી જેથી આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કોઇ પ્રતિબંધિત પદાર્થ પકડાયેલ હોય તે હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સદંતરપણે નિષ્ફળ નીવડેલ છે. જયારે મુદ્દામાલ રીકવરી શંકાસ્પદ બનતી હોય તેવા સંજોગોમાં અન્ય કોઈ સાહેદોને તપાસવાની જરૂરીયાત જણાઇ આવતી નથી. જેથી હાલના ગુન્હાના કામે આરોપીની સંડોવણી વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર માની શકાય તેમ નથી. કારણ કે મુદ્દામાલ રીકવરી પંચનામું પુરવાર નથી. જેથી રીકવરી શંકાસ્પદ બને છે. આમ, આરોપી પાસેથી કોઇ કબજે લીધેલ મુદ્દામાલ પકડાયેલ હોય તે હકીકત પુરવાર થતી નથી. આ સંદર્ભે નામદાર ગુજરાત વડી અદાલત દ્વારા ગુજરાત રાજય વિરૂધ્ધ સુરેશભાઈ એસ.પટેલ (૨૦૧૧) ૨૬ જી.એલ.એચ. ૧ માં ઠરાવેલ છે કે " When judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of court should not be wasted for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on future date.”

૭. આમ, જયારે ફરિયાદના કામે મહત્વના તથા સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદો ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન કરતાં ન હોય તો માત્ર કેસની કાર્યવાહી પુરી કરવા માત્ર સર અન્ય સાહેદોને તપાસવા જરૂરી જણાતાં નથી. ગુન્હાવાળી જગ્યા તેમજ રીકવરી પંચનામું પુરવાર ન હોય તેવા સંજોગોમાં આરોપીની સંડોવણી હાલના ગુન્હાના કામે વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર માની શકાય તેમ નથી. આ તબકકે અત્રેની અદાલતે નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

ઓનકાર મનીક પાટીલ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદામાં નામદાર મુંબઈ હાઈકોર્ટ દ્વારા એ હકીકત જણાવવામાં આવેલ છે કે પ્રોહીબીશન કેસમાં પંચ સાહેદ હોસ્ટાઇલ જાહેર થયેલા હોય તેવા સંજોગોમાં ફરિયાદી તેમજ અન્ય પોલીસ સાહેદોની સોગંદ ઉપર જુબાની લેવાની જરૂરિયાત નથી તેમજ નીચેની અદાલતે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ નામદાર મુંબઈ હાઈકોર્ટ દ્વારા કાયમ રાખવામાં આવેલ છે. આમ,

આ કામના આરોપીને સદર ગુનામાં સંડોવી શક્તો લેશમાત્ર પુરાવો રજુ થયેલ ન હોય તેમજ આ કામે સદર ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમાં કેસ આગલ ચલાવવાનો હુકમ કરેલ હોય તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૩(૬) મુજબ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ચુકાદો જાહેર કરવાનો હોય તો આરોપીની હાજરીની જરૂરિયાત અનિવાર્ય ન હોવાનું જણાવેલ હોય જેથી આ કામના આરોપીની ગેરહાજરીમાં સદર કામે ચુકાદો જાહેર કવરો યોગ્ય જણાતું હોય અને આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય, જેથી મુદ્દા નં.૧ નો જવાબ **નકારમાં** ઠરાવી, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–::::: આખરી હુકમ :::::–**

- **આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે ધી પ્રોહિબીશન એકટની કલમ–૬૫ એએ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**
- **મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નીકાલ કરવો.**
- **આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ કરી તેમની ગેરહાજરીમાં તેઓને છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ હોય જેથી આરોપીના ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) મુજબ જામીન અંગે હુકમ કરવામાં આવતો નથી.**

હુકમ આજરોજ તારીખ: ૦૧.૦૭.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૦૧.૦૭.૨૦૨૬
સ્થળ – વલસાડ.
( એસ.એસ.પાનવાલા સ્ટેનો.ગ્રેડ–૨)

**(જયેશ અરૂણભાઈ દવે)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,વલસાડ.
[કોડ નં. જી.જે.–૦૦૭૧૨]